નવગુજરાત સમય. પાના નં. ૨૨. તા. ૦૯.૧૨.૨૦૨૩

# મુખ્યમંત્રીએ મોટેરાથી ગાંધીનગરના મેટ્રો રેલ ફેઝ-2 રૂટનું જાત નિરીક્ષણ કર્યું






મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેટ્રો રેલ ફેઝ-૨, મોટેરાથી ગાંધીનગરના રૂટ પર સી-૨ પ્રોજેક્ટના ૬.૫ કી.મી.ના માર્ગ પર નિર્માણાધિન રેલવે રૂટ અને સ્ટેશન સાઈટની રૂબરૂ મુલાકાત લઈને વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે મુખ્યસચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાસનાથન, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા અને મેટ્રો રેલ કોર્પોરશનના ચેરમેન તથા મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ. રાઠોર અને વરિષ્ઠ સચિવો જોડાયા હતા. નવગુજરાત સમય